
# અજબ કિશોરના ગજબ કિસ્સા



કિસ્સા કહાની



આજે, તમે કિશોર દા વિશે કેટલીક એવી વાતો જાણશો જે વિચિત્ર અને મનોરંજક બંને લાગી શકે છે. એ વાત તો બધા જાણે છે કે કિશોર દા કેવા મસ્તીખોર હતા.

તો આ કિશોર દાના કિસ્સાની માહિતી ડેરેક બોઝે લખેલા પુસ્તક "કિશોર કુમારઃ મેથડ ઈન મેડનેસ" જે કિશોર દા પરનું એક ખૂબ જ અનોખું પુસ્તક છે, તેમાં આવા અજબગજબ કિસ્સાઓની ભરમાર છે. જેના થોડા કિસ્સા માણીએ...

કિશોર દાના બંગલામાં ઘણા બધા વૃક્ષો હતા તેમના નજીકના લોકો તેમને ઘણીવાર એ વૃક્ષો સાથે ખાનગીમાં વાત કરતા જોતા. કિશોર દાએ તેમને જનાર્દન, રઘુનાથ, બુધરામ, ગંગાધર, જગન્નાથ અને ઝટપટ-ઝટપટ જેવા નામ પણ આપ્યા હતા. તેમને પ્રકૃતિ પ્રત્યે ગાઢ પ્રેમ નદીઓ પણ પ્રેમ કરતા પરંતુ મુંબઈમાં રહેતા હતા ત્યારે નદીઓ પાસે સમય વિતાવવો શક્ય ન હતો. એટલે બોટિંગ કરવા તેમના બંગલામાં એક નાની નહેર ખોદવાનું નક્કી કર્યું. જોકે, મ્યુનિસિપલ કોર્પોરેશને તેમને પરવાનગી આપવાનો ઈનકાર કર્યો.

કિશોર દા આનાથી ગુસ્સે થયા. તેણે પોતાના બંગલામાં જબરદસ્તીથી નહેર ખોદવાનું નક્કી કર્યું. એક દિવસ મજૂરોને લાવ્યા ઘરની અંદર નહેર બનાવવાનું શરૂ કર્યું ને ખોદકામ દરમિયાન એ મજૂરોને માનવકંકાલ મળ્યા. તે ખરેખર તો માનવ હાડપિંજરના હાથ અને પગની ઘૂંટીના હાડકાં હતા. આનાથી મજૂરો ગભરાઈ ગયા. કોઈએ તેમને કહ્યું કે ઘર કબ્રસ્તાન પર બનેલું છે અને દુષ્ટ આત્માઓ હવે તેમના પર કબજે કર લેશે બીજા જ દિવસે, બધા મજૂરો ભાગી ગયા. આમ, કિશોર દાનું પોતાના બંગલામાં નહેર ખોદવાનું અને તેમાં બોટિંગ કરવાનું સ્વપ્ન અધૂરું રહ્યું.

તો એકવાર, કિશોર દાએ વિચાર્યું, ઘરમાં ઈન્ટિરીયર ડિઝાઈન કરવીએ. તેમણે એક ગુજરાતી ઈન્ટિરિયર ડિઝાઈનરનો સંપર્ક કર્યો. પેલો ડિઝાઈનર તેમના ઘરે આવ્યો, ત્યારે કિશોર દાએ એવી વાતો કરી કે તે પણ ભાગી ગયો. કિશોર દાએ તેમને કહ્યું, "મારે મારા લિવિંગ રૂમમાં થોડી સરળ ડિઝાઈન જોઈએ છે. એક કામ કરોઃ નાની પાણીની ટાંકી ખોદવો, સોફાને બદલે તેમાં નાની હોડીઓ હોવી જોઈએ. પાણીની વચ્ચે, એક ટેબલ બાંધેલું હોવું જોઈએ જેથી તેના પર ચા પીરસવામાં આવે, અને આપણી હોડીઓ તેની આસપાસ પાર્ક કરી શકાય."

ને, હા.. એ હોડી પાણીમાં વધુ હલતી ન હોવી જોઈએ. નહીં તો, મહેમાનો સાથે વાત કરવી મુશ્કેલ બનશે. મને પ્રકૃતિ ગમે છે. તમારે એક કામ કરવું જોઈએઃ ચિત્રોને બદલે આગળની દિવાલ પર જીવતા કાગડાઓ લટકાવો. અને છત પર પંખા ન લટકાવો. તેના બદલે, વાંદરાઓ લટકાવો." કિશોર દાના શબ્દો સાંભળીને એ ઈન્ટિરિયર ડિઝાઈનરની શું હાલત થઈ હશે!

કિશોર દાએ તેના બંગલામાં ઝૂલા અને સ્લાઈડ્સ પણ લગાવ્યા હતા. નવરાશના સમયમાં, તે બાળકની જેમ તેના પર સરકતા અને ખૂબ ખુશ થતા. અમીન સયાનીએ એક વાર કહ્યું હતું કે અશોક કુમાર અને એસ.ડી. બર્મન પણ ઘણીવાર ત્યાં મનોરંજન માટે જતા અને મુંબઈના જંગલ વિસ્તારોમાં ફરતા. આ ફરવા દરમિયાન, કિશોર કુમાર ખુલ્લા પગે ચાલતા અને "ઝીંગલલાલા ઝીંગલલાલા" (ઝીંગલલાલા) જેવા ગીતો મોટેથી ગાતા.

તનુજા પોતાનો કિસ્સો ઉમેરતા કહે છે કે ફિલ્મ "દો દૂની ચાર" પર કામ કરતી વખતે, તે કિશોર કુમાર અને અશોક કુમારને એક અનોખી રમત રમતા જોયા હતા. રમત એ જોવાની હતી કે કોણ "પાંડુરંગ તુકારામ" સૌથી મોટેથી બોલી શકે છે. તો ગીતકાર અમિત ખન્નાએ એક રવિવારે કિશોર કુમારને તેમના ઘરમાં બેટરીથી ચાલતા રમકડાંઓ વચ્ચે બેઠેલા જોયા, જે બધા જ ચાલુ હતા. જ્યારે પણ કોઈ પરિવારનો સભ્ય કે નજીકનો મિત્ર તેમની મુલાકાત લેતો, ત્યારે તેઓ "હાય" અથવા "નમસ્તે" અથવા "રામ-રામ" કહેવાને બદલે, " खाले करारे गज्जका" કહેતા ને મોટાભાગના લોકો તો અર્થ સમજી પણ શકતા ન હતા.

કિશોર દા વિશે એવું કહેવામાં આવતું હતું કે તેઓ ક્યારેય તેમના પૈસા સાથે સમાધાન કરતા નહોતા. તેઓ ખૂબ જ કરકસરમાં માનનાર(ચીકણા) વ્યક્તિ હતા. ઘણીવાર તો આખી રાત જાગીને કમાણી કરેલી નોટો ગણતા પરંતુ આ જ કિશોર દા ક્યારેય દાન કરવામાં અચકાતા નહોતા. એવા ઘણા પ્રસંગો હતા જ્યારે તેઓ બેહાલ ગીતકારો અને સંગીતકારો પાસેથી તેમની ફી લેતા નહોતા. એ કિસ્સા ફરી ક્યારેક

આટલુ જાણ્યા પછી આવો મસ્તમોલા કલાકારને બોલિવૂડ 13 ઓક્ટોબર 1987થી રોજ યાદ તો કરતું જ હશે. ●



કિશોર દા વિશે એવું કહેવામાં આવતું હતું કે તેઓ ક્યારેય તેમના પૈસા સાથે સમાધાન કરતા નહોતા. તેઓ ખૂબ જ કરકસરમાં માનનાર(ચીકણા) વ્યક્તિ હતા. ઘણીવાર તો આખી રાત જાગીને કમાણી કરેલી નોટો ગણતા પરંતુ આ જ કિશોર દા ક્યારેય દાન કરવામાં અચકાતા

# વ્હી. શાંતારામે નામ આપ્યું 'સંધ્યા' શું એટલે જ સંધ્યાનાં જીવનમાં અંધારું જ રહ્યું?



જાને કહાં ગયે

આજે આપણે હિન્દી અને મરાઠી ફિલ્મો કરનાર એક એવી હીરોઈન અને ડાન્સરની વાત કરશું જે આજના જમાનાના લોકો કદાચ ન ઓળખે તે બની શકે! પણ 60ના દશકમાં આ હીરોઈનના ગીતોના રિમિક્સ આજે પણ ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડિંગ થતા રહે છે. અરે જા રે હટ નટખટ ન છુ મેરાં ઘૂંઘટ એ ગીતનું જેમના પર ફિલ્માંકન કરવામાં આવ્યું તે છે સંધ્યા શાંતારામ.

સંધ્યાનું રીયલ નામ હતું વિજ્યા શ્રીધર દેશમુખ. તેમનો જન્મ 1-1-1930 માં ગુજરાતમાં થયો હતો. સંધ્યાના પિતા શ્રીધર દેશમુખ એક નાટક કલાકાર હતા. શ્રીધર દેશમુખના બે સંતાન, બંને દીકરી વિજ્યા અને વત્સલા. બંને બહેનો બાળપણથી જ નાટક જોવાં પિતા સાથે જતી હતી અને ધીમે ધીમે બંને બહેનો નાટકોમાં નાના-મોટા રોલ પણ કરવા લાગી. ગુજરાતી નાટકોમાં બંને બહેનો પારંગત થઈ ગઈ અને જ્યારે ગુજરાતી ફિલ્મોનો દૌર શરૂ થયો બંનેને ફિલ્મો પણ મળવા લાગી. તે સમયમાં વ્હી.શાંતારામ એક મોટા અને મહાન ફિલ્મ મેકર બની ગયા હતા. વ્હી.શાંતારામ એક મરાઠી ફિલ્મ બનાવવા માગતા હતા અને હીરોઈનની શોધ માટે ન્યૂઝપેપરમાં ઍડ આપે છે. એ ઍડ વાંચી વિજ્યા અને વત્સલા ઑડિશન માટે આવે છે. વ્હી.શાંતારામ તે વિજ્યાને જોતા જ પસંદ આવી જાય છે અને તરત જ ફિલ્મની હીરોઈન ફાઈનલ થાય છે, પણ વિજ્યાને ડાન્સ નહોતો આવડતો તેથી વ્હી.શાંતારામે વિજ્યાને કહ્યું કે જ્યાં સુધી તું ડાન્સ શીખી ના લે ત્યાં સુધી ફિલ્મનું શૂટિંગ શરૂ નહીં થાય અને બીજુ વ્હી.શાંતારામને વિજ્યા નામ જરા પણ પસંદ ના આવ્યું એટલે નવું નામ આપ્યું સંધ્યા. 1952માં પહેલી ફિલ્મ 'અમર ભૂપાલી' ફિલ્મથી સંધ્યા હીરોઈન તરીકે જાણીતી થઈ. અમર ભૂપાલી ફિલ્મ ભારતની એ બીજી ફિલ્મ છે જે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં મોકલવામાં આવી હતી.



1961 ની ફિલ્મ 'સ્ત્રી' ના એક દશ્ય માં જંગલી જાનવર સાથે શૂટિંગ કરવાનું હતું. તે સમયમાં બોડી ડબલ નહોતા એટલે સંધ્યા પોતે સિંહ સાથે એક દશ્યનું શૂટિંગ કરેલું. આ દશ્ય તમે નહીં જોયું હોય પણ તેના જેવું જ એક દશ્ય જે બધા જ જાણે છે 'બાહુબલી'નો એ સિન યાદ કરો જ્યારે 'રાજમાતા' નાના છોકરાને બે હાથે ઉપાડીને ઘોષણા કરે છે. સંધ્યા શાંતારામે તે સીન શંકુતલાના રોલમાં વર્ષો પહેલા જ કરી લીધો હતો.

વ્હી.શાંતારામની બે પત્ની હતી જયશ્રી સાથે લડાઈને કારણે વ્હી.શાંતારામ પરેશાન રહેવા લાગ્યા સંધ્યાએ તે સમયે ટેકો આપ્યો અને ધીમે ધીમે બંને વચ્ચે પ્રેમ શરૂ થયો. શાંતારામની બે પત્ની અને તેના બાળકો

**શાંતારામની બે પત્ની અને તેના બાળકો હોવા છતાં સંધ્યા તેમની દિવાની રહી. શાંતારામે જયશ્રી સાથે છૂટાછેડા લીધા તેના 40 દિવસમાં જ સંધ્યા સાથે ત્રીજા લગ્ન કરી લીધા. આશ્ચર્યની વાત એ છે કે સંધ્યાની ઉંમર વ્હી. શાંતારામના પહેલા સંતાન કરતા પણ એક વર્ષ નાની હતી**

હોવા છતાં સંધ્યા તેમની દિવાની રહી. શાંતારામે જેવા જયશ્રી સાથે છૂટાછેડા લીધા તેના 40 દિવસમાં જ સંધ્યા સાથે ત્રીજા લગ્ન કરી લીધા. આશ્ચર્યની વાત એ છે કે સંધ્યાની ઉંમર વ્હી.શાંતારામના પહેલા સંતાન કરતા પણ એક વર્ષ નાની હતી.

વ્હી.શાંતારામના સંતાનોએ સંધ્યાનો સ્વીકાર ન કર્યો. સંતાનોએ ઘર તોડવાવાળી અને બદદુઆ આપવા લાગ્યા. લોકોએ તો ત્યાં સુધી કહ્યું કે સંધ્યાએ સંપત્તિ માટે જ લગ્ન કર્યા છે અને એક સુખી સંસારને બર્બાદ કરી નાખ્યો. આ બધુ સહન ન કરી શકી અને સંધ્યાએ પ્રણ લીધું કે તે આજીવન સાદગીભર્યું જીવન વિતાવશે. આ પ્રણ પણ સંધ્યાને શાંતિ આપવા કરતા પણ મુસિબત વધારનારું બન્યું કેમ કે વ્હી.શાંતારામનો એક્સિડેન્ટ થયો. આ એક્સિડન્ટને કારણે વ્હી.શાંતારામ ક્યારેય પિતા નહીં બની શકે! સંધ્યાએ પતિની કમજોરીને છુપાવવા ફિલ્મો કરતા પણ રીયલ લાઈફમાં વધુ એક્ટિંગ કરી. તો સમાજમાં તેનો જ વાંક કાઢવામાં આવ્યો. સંધ્યા જ મા નહીં બની શકતી એવી વાતો સમાજમાં થવા લાગી. સંધ્યા દુનિયાની નજરોમાં પોતે બદનામ થઈ. વ્હી.શાંતારામના મૃત્યુ બાદ આજીવન સફેદ સાડી પહેરી અને સંધ્યા મા ન બની પણ શાંતારામની સંતાનોને પોતાના જ સંતાનો માનીને સાદગીભર્યું જીવન વિતાવ્યું. 4 ઓક્ટોબર 2025ના રોજ સંધ્યાએ આ દુનિયાથી વિદાઈ લઈ લીધી. ●

# રાજેશ ખન્નાની મનમોહન દેસાઇ સાથેની બીજી અને છેલ્લી ફિલ્મ-રોટી

મૂવિયાના

ઈન્સાન કો દિલ દે, જીસ્મ દે,
દિમાગ દે, લેકિન કમબક્ત એ પેટ મત દે,
ઉસે પેટ દેતા હૈ તો ભૂખ મત દે,
ઉસે ભૂખ દેતા હૈ તો દો વક્તકી રોટી કા ઈતેંજામ કરકે ભેજ.
વરના તુજે ઈન્સાન કો પૈદા કરને કા કોઈ હક નહીં.

આ માત્ર ડાયલોગ જ નથી પણ હજારો-લાખો લોકો જે ભૂખની આગમાં હોમાય છે તેની અંતરઆત્માનો અવાજ છે. ડાયલોગ જેટલો ગંભીર છે તેનાથી વધુ ગંભીર ફિલ્મ છે 'રોટી'. જેને 51 વર્ષ થયા. 'રોટી' ફિલ્મને પણ આજે પણ તે તાજી અને વર્તમાન સમસ્યાને દર્શાવતી હોય તેવું લાગે છે. મનમોહન દેસાઈના નિર્દેશન હેઠળ બનેલી રોટીના મુખ્ય અને સહાયક કલાકારોમાં રાજેશ ખન્ના, મુમતાઝ, નિરૂપા રોય, સુજીત કુમાર, જીતેન્દ્ર, જીવન, જગદીપ, અને અસરાની વગેરે. ફિલ્મના ગીતો આજે પણ રેડિયો કે કેસેટ અને યુટ્યુબ પર લોકો સાંભળે છે. ફિલ્મમાં કુલ પાંચ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

1. ગોરે રંગ પે ના ઈતના ગુમાન કર, ગોરા રંગ તો દો દિન મેં ઢલ જાયેગા.
2. નાચ મેરી બૂલબૂલ કી પૈસા મિલેગા, કહા કદરદાન હમેં ઐસા મિલેગા.
3. ફુલો કે સંગ દિલ ભી ખિલ જાતે હૈ.
4. હમારી બાત સુનો અને
5. એ પબ્લિક હૈ યે સબ જાનતી હૈ.

ફિલ્મ રોટીની બેઝિક લાઈન અંગ્રેજી ફિલ્મ ફેસ ઓફ અ ફ્યુજીટિવ પરથી લેવામાં આવી છે, જેમાં મનમોહન દેસાઈએ ફેરફારો કરી ફિલ્મ બનાવી છે. મનમોહનજીના મનમાં રોટી ફિલ્મ માટે હીરો પહેલા શત્રુઘ્ન સિંહાનું નામ હતું પણ ડિસ્ટ્રીબ્યુટરોએ કહ્યું કે જો હીરો રાજેશ ખન્ના હશે તો ફિલ્મને વધુ પૈસાથી ખરીદી લેશું અને તેનું પ્રમોશન પણ વધારે કરીશું. બસ પછી શું નિર્માતાને બીજું શું જોઈએ? હીરો તરત જ ચેન્જ થઈ ગયો.

હીરોઈન પહેલા ડિંપલ કાપડિયા હતી અને જો આવું થયું હોત તો રાજેશ-ડિંપલની એકમાત્ર ફિલ્મ હોત. પણ તે પહેલા જ રાજેશ-ડિંપલના લગ્ન થઈ ગયા અને ડિંપલે ફિલ્મોમાં કામ કરવાનું જ છોડી દીધું! અને પછી મુમતાઝને ફિલ્મમાં સાઈન કરી. રાજેશ ખન્નાના કહેવાથી જીતેન્દ્રે રોટી ફિલ્મમાં સ્પેશિયલ કેમિયો કર્યો હતો. આ ફિલ્મમાં વિજય અરોરાનો પણ એક મહત્ત્વપૂર્ણ રોલ હતો, તેમની એક્ટિંગ સ્કિલથી રાજેશ ખન્નાએ પણ માની લીધું હતું કે મારા પછીનો સ્ટાર વિજય છે!

ફિલ્મમાં જીવનનો નેગેટિવ રોલ એટલો વાસ્તવિક લાગવા લાગ્યો કે જીવનને લોકો ખરેખર નફરત કરવા લાગ્યા. હદ તો ત્યારે થઈ જ્યારે એક પ્રવાસે જીવન ટ્રેનમાં મુસાફરી કરતા હતા, ટ્રેન એક સ્ટેશન પર ઊભી રહી જીવન પર સ્ટેશન પર ઉતર્યા ત્યાં એક મહિલાએ જીવન પર ચપ્પલ ફેક્યું, અને જ્યારે જીવને તે મહિલાને કારણ પૂછ્યુ ત્યારે મહિલાએ કહ્યું કે તું ગુંડો છે, તે કેટલા ખૂન કર્યા છે, તું પૈસા માટે મહિલા પર અત્યાચાર કરે છે. ત્યારે જીવન હસ્યા અને વિચાર કરવા લાગ્યા કે આ મહિલા કેટલી ભોળી છે.

રોટી ફિલ્મના ક્લાઈમેક્સના શૂટિંગ માટે 8 દિવસનો સમય લાગેલો. રાજેશ ખન્નાને મુમતાઝને ખભા પર ઉચકીને દોડવાનું હતું ત્યારે રાજેશ ખન્ના મુમતાઝને પ્રેમથી મોટી બોલાવતા અને કહેતા 'ચલ મોટી આજા'. રાજેશને ઘણી તકલીફ થતી પણ ફિલ્મ માટેનું ડેડિકેશન હોય એટલે તકલીફ ના જોવાની હોય. મનમોહન દેસાઈની આ એકમાત્ર ફિલ્મ છે જેના અંતમાં હીરો મરી જાય છે. અહીં નોંધવા જેવું છે કે 'કુલી' ફિલ્મના અંતમાં પણ અમિતાભને મરતો દેખાડવાનો હતો. પણ અમિતાભને શૂટિંગ દરમ્યાન વાગી જતા અને મોતને પણ માત આપી દીધી એટલે મનમોહનજીએ કુલી ફિલ્મનો ક્લાઈમેક્સ ચેન્જ કરેલો.

'રોટી' ફિલ્મ રાજેશ ખન્નાની મનમોહન દેસાઈ સાથેની બીજી અને છેલ્લી ફિલ્મ હતી, તે પછી બંનેએ ક્યારેય સાથે કામ નથી કર્યું! મનમોહન ઈચ્છતા હતા કે પર્વરિશ ફિલ્મમાં અમિતાભનો જે રોલ હતો તે રાજેશ ખન્ના કરે પણ રાજેશ ખન્નાને વિનોદ ખન્નાવાળો રોલ કરવો હતો અને ત્યારે મનમોહને પોતાના ફેંસલાને કાયમ માટે બદલી નાખ્યો અને રાજેશ ખન્ના સાથે પછીથી કોઈ ફિલ્મ ના બનાવી. ●

